છત્તીસગઢમાં નક્સલવાદી હુમલામાં બે જવાન શહીદ

બીજાપુર, તા. ૨૮

છત્તીસગઢના નક્સલવાદી ગ્રસ્ત બીજાપુર જિલ્લામાં નક્સલવાદીઓએ પોલીસ જવાનો ઉપર ભીષણ હુમલો કરી દીધો છે. આ હુમલામાં બે પોલીસ જવાનો શહીદ થયા હોવાની માહિતી મળી છે જ્યારે અન્ય એક ગ્રામીણ વ્યક્તિને ગંભીરરીતે ઈજા થઈ છે. બીજાપુર જિલ્લાના પોલીસ અધિકારીઓએ વિગત આપતા કહ્યું છે કે, જિલ્લાના પામેડ પોલીસ સ્ટેશન હેઠળના ક્ષેત્રમાં નક્સલવાદીઓએ પોલીસ જવાનો ઉપર હુમલો કરી દીધો હતો. હુમલામાં જિલ્લા સુરક્ષા દળના કર્મચારી અરવિંદ નિજ અને સહાયક સુક્કુ હપકા શહીદ થઈ ગયા હતા. એક ગ્રામીણ વ્યક્તિને ઈજા પણ થઈ હતી. ઈજાગ્રસ્ત થયેલા ગ્રામીણ વ્યક્તિને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મોદી ફેક્ટર, રાષ્ટ્રવાદ લીધે જોરદાર જીત થશે : પાસવાન

પટણા, તા. ૨૮

ભાજપના સાથી અને કેન્દ્રીયમંત્રી રામવિલાસ પાસવાને આજે કહ્યું હતું કે, શાસન એનડીએ ફરીવાર કેન્દ્રમાં સરકાર બનાવવા જઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, મોદી ફેક્ટરની મદદથી કેન્દ્રમાં ફરી જીત થવા જઈ રહી છે. રાષ્ટ્રવાદનો મુદ્દો તમામ લોકોને અસર કરી રહ્યો છે. જ્યારે વિરોધ પક્ષો બિહાર જેવા રાજ્યોમાં નિષ્ક્રિય બન્યા છે. લોકજનશક્તિ પાર્ટીના નેતાએ કહ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણી અન્ય ચૂંટણીઓ કરતા બિલકુલ અલગ પ્રકારની ચૂંટણી છે. છેલ્લા પાંચ દશકની ચૂંટણીમાં આવી સ્થિતિ ક્યારે પણ જોઈ નથી. એકમાત્ર રાષ્ટ્રવાદનો મુદ્દો કેન્દ્રમાં રહેલો છે. લોકો એનડીએને ટેકો આપી રહ્યા છે. વિકાસ અને રાષ્ટ્રવાદનો મુદ્દો છવાયેલો છે. દલિત નેતાએ કહ્યું હતું કે, એનડીએની તરફેણમાં લહેર ચૂંટણીના દરેક તબક્કામાં જોવા મળી રહી છે.

આ લહેર હવે સુનામીમાં ફેરવાઈ ચુકી છે. સાત તબક્કાની લોકસભાની ચૂંટણી પૈકી ત્રણ તબક્કામાં ચૂંટણી થઈ ચુકી છે. હિન્દી પટ્ટાના રાજ્યોમાં બાકીના તબક્કા હવે રહેશે. પાસવાને દાવો કર્યો હતો કે, બિહારમાં હજુ સુધી કોઈ સ્પર્ધા રહી નથી. તેમના દાવા મુજબ કોંગ્રેસ અને આરજેડી જેવા પક્ષો કોઈપણરીતે મેદાનમાં દેખાઈ રહ્યા નથી. અમારા મત દરેક તબક્કામાં વધી રહ્યા છે. વારાણસી અને ઝારખંડમાં વડાપ્રધાનના પ્રચંડ રોડ શોમાં મોદી ફેક્ટરની અસર જોવા મળી ચુકી છે. વધુને વધુ લોકો અમારી સાથે જોડાઈ રહ્યા છે. બીજી બાજુ વિરોધ પક્ષો દિલ્હી અથવા તો બિહાર સહિત કોઈ જગ્યાએ સંગઠિત દેખાઈ રહ્યા નથી. તેમના માટે મત આપવાને લઈને લોકોને કોઈ અર્થ રહેશે નહીં તેમ સમજાઈ રહ્યું છે. આ પ્રકારના પક્ષો વધુને વધુ સીટો મેળવવાની સ્થિતિમાં નથી જેથી તેમના માટે મતદાન કરવા લોકો ખચકાટ અનુભવ કરી રહ્યા છે.

નીતિશે દાવો કર્યો હતો કે, બિહારમાં કુલ ૪૦ સીટો પૈકી એનડીએ ૩૫ સીટો જીતી જશે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને આરજેડી નેતા તેજસ્વી યાદવ બીજા પક્ષના ઉમેદવાર માટે પ્રચાર કરવાનું ટાળી રહ્યા છે. શુક્રવારના દિવસે જ તેમની સંયુક્ત રેલી સમસ્તીપુરમાં યોજાઈ હતી. એનડીએ ૨૦૧૪ની ચૂંટણી જીતનું પુનરાવર્તન કરશે અને મોદીની લીડરશીપમાં સરકાર રચાશે. છેલ્લી ચૂંટણીમાં એનડીએને ૩૩૬ સીટો મળી હતી. ભાજપને ૨૮૨ સીટો એકલા હાથે મળી હતી. આતંકવાદ અને રાષ્ટ્રવાદ ચૂંટણીમાં મુખ્ય મુદ્દા બની ચુકયા છે. વિકાસના મુદ્દા ઉપર પણ લોકોનો ટેકો મળ્યો છે.

મમતા, માયાવતી અને નાયડુ પીએમ પદ માટેના ઉમેદવાર : શરદ પવાર

શરદ પવારે સંકેત આપી નવી ચર્ચા જગાવી : રાહુલ ગાંધી વડાપ્રધાન પદ માટે દાવેદાર નહીં હોવા માટે પણ શરદ પવારે દાવો કરતા કોંગ્રેસમાં ખળભળાટ ફેલાયો

મુંબઈ, તા. ૨૮

રાષ્ટ્રવાદી કોંગ્રેસના અધ્યક્ષ શરદ પવારે આજે કહ્યું હતું કે, જો નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સ્પષ્ટ બહુમતિ સાબિત કરવામાં નિષ્ફળ રહે છે તો પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ, ઉત્તરપ્રદેના પૂર્વ મુખ્યમંત્રી માયાવતી પૈકી કોઈ એક વડાપ્રધાન બની શકે છે. શરદ પવારના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. પવારનું આ નિવેદન એવા સમયે આવ્યું છે

જ્યારે ત્રણેય નેતા વધુને વધુ સીટો જીતવા માટે દિનરાત એક કરી રહ્યા છે. શરદ પવારે કહ્યું હતું કે, વડાપ્રધાન બનતા પહેલા નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા. તેમનો અભિપ્રાય છે કે, એનડીએને સ્પષ્ટ બહુમતિ મળવાની શક્યતા ઓછી છે જેથી મમતા બેનર્જી, ચંદ્રાબાબુ નાયડુ, માયાવતી પીએમ પોસ્ટ માટે પ્રબળ દાવેદાર રહેલા છે. પવારે એવા રિપોર્ટને ફગાવી દીધા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે, માયાવતી, મમતા બેનર્જી અને નાયડુ પીએમ માટે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની અપેક્ષા વધારે સારા દાવેદારો છે. પવારે કહ્યું હતું કે, રાહુલ ગાંધી ઘણી વખત પહેલાથી જ કહી ચુક્યા છે કે તેઓ વડાપ્રધાન પદની દાવેદારીમાં સામેલ નથી. એનસીપીના વડાએ કહ્યું હતું કે, આ વિષય ઉપર કોઈપણ પ્રકારની ચર્ચા બિનજરૂરી છે. એક સપ્તાહ પહેલા જ નાયડુ અને પવાર મુંબઈમાં હતા. તે વખતે ટીડીપી વડાએ કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન પદની તરફ જોઈ રહ્યા નથી. નાયડુએ કહ્યું હતું કે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને પરાજિત કરવાનો રહેલો છે. આ પહેલા ચૂંટણી પ્રચાર દરમિયાન પવારે દાવો કર્યો હતો કે, લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની સીટો ખુબ ઘટી જશે. તમામ મોરચા ઉપર સરકાર નિષ્ફળ રહી છે તે જોતા એવું લાગી રહ્યું છે કે, ભાજપની ઓછામાં ઓછા ૧૦૦ સીટો ઓછી થઈ જશે. એનડીએને સ્પષ્ટ બહુમતિ મળવાની બાબત મુશ્કેલ દેખાઈ રહી છે. વડાપ્રધાન પદ માટે નવા વિકલ્પો પર વિચારણા કરવાની જરૂર રહેશે. પવારે ઉમેર્યું હતું કે, એનસીપી માત્ર ૨૨ સીટો ઉપર ચૂંટણી લડી રહી છે. જો અમે ૨૨ સીટો જીતી લઈએ છે તો પણ સરકાર બનાવવા માટે જરૂરી આંકડા સુધી પહોંચી શકીશું નહીં. વડાપ્રધાન બનવાને લઈને વિચારણા કરવાની બાબત પણ તર્ક વગરની છે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ કહ્યું છે કે, એનડીએ નિષ્ફળ રહે કે ના રહે, કોઈ મહાગઠબંધન થાય કે ન થાય પરંતુ બિન એનડીએ પક્ષોને એક સાથે લાવવામાં પવારની ભૂમિકા રહેલી છે. કોંગ્રેસી નેતાએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે, મોદીને સત્તાથી દૂર રાખવા માટે પવાર તમામ ભાજપ વિરોધી પક્ષોને એક મંચ ઉપર લાવી શકે છે. આ બાબતને લઈને કોઈને આશ્ચર્ય થશે નહીં કે, શિવસેના પણ પવારના પ્રસ્તાવને ટેકો આપી શકે છે. મમતા અને માયાવતી બંને સંકેત આપી ચુકી છે કે, તેઓ પીએમના દાવેદારમાં સામેલ છે.

વડાપ્રધાન મોદીની જાતિને લઇ રાજકીય ઘમાસાણ શરૂ

મને ખબર નથી કે મોદી કઈ જાતિના છે ? : પ્રિયંકા

બહરાઈચ,તા.૨૮

૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને નેતાઓના નિવેદનોનો સિલસિલો યથાવત છે. એવામાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈનને નિવેદન આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે પ્રિયંકાએ કહ્યું- મને આજ સુધી એ નથી ખબર કે વડાપ્રધાન મોદી કઈ જાતિના છે?

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન મોદીને લઈને કહ્યું હતું કે, મને આજ સુધી એ નથી ખબર પડી કે વડાપ્રધાન મોદી કઈ જાતિના છે? મારા ખ્યાલથી વિપક્ષે ક્યારેય આ રીતે વાત નથી કરી. તે સાથે જ પ્રિયંકાએ કહ્યું હતું કે-

જ્યાં સુધી વિપક્ષની વાત છે તો હું માનું છું કે ખાસ કરીને કોંગ્રેસના નેતા માત્ર વિકાસના મુદ્દાઓ પર વાત કરે છે. અમે આ અંગે ક્યારેય કોઈ વ્યક્તિગત ટિપ્પણી નથી કરી.

ઉત્તર પ્રદેશના બહરાઈચમાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ જનસભા સંબોધી કેન્દ્રની મોદી સરકારને આડે હાથ લીધી. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, ભાજપ પાકિસ્તાન અને રાષ્ટ્રવાદની વાત કરે છે. જ્યારે જનતાની અવાજ સાંભળવોએ રાષ્ટ્રવાદ છે. જનતા પોતાના એક મતથી દેશ બદલી શકે છે. પ્રિયંકા ગાંધીએ રેલીમાં બેરોજગારી અને ખેડૂતોનો પણ મુદો ઉઠાવ્યો.

તેમણે જણાવ્યુ કે, મોદી સરકારે બે કરોડ યુવાઓને રોજગારી આપવાનો વાયદો કર્યો હતો. જેને હજી સુધી પુરો કરવામાં આવ્યો નથી. ભાજપે જે વિકાસના વાયદા કર્યા છે તે સંપૂર્ણ પણે ખોટા સાબિત થયા. મોદી સરકારના શાસનમાં ખેડૂતોને પાક વીમાના પૈસા આપવામાં આવ્યા નથી. પ્રિયંકાએ કહ્યુ કે, દેશમાં અમારી સરકાર આવશે તો, કોંગ્રેસ ખેડૂતો માટે અલગથી બજેટ લાવશે. અને ખેડૂતોના વિકાસ માટે કામ કરવામાં આવશે.

કન્નોજમાં નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેઓ પછાત જાતિના હોવાથી વિરોધીઓ તેમને નિમ્ન જાતિના કહી રહ્યા છે. પીએમ મોદીનો આ આરોપ તથ્યવિહિન અને પાયાવિહોણો છે. અમે ક્યારેય આ પ્રકારનું નિવેદન આપ્યુ નથી. પૂરા સન્માન સાથે અમે તેઓને ઉંચી જાતિના જ માન્યા છે. તો આ પ્રકારનુ નિવેદન આપવાની વાત ક્યાંથી આવી.

ગોચર, તળાવ અને સરકારી જમીનમાં ગેરકાયદે દબાણો

સરકાર, બનાસકાંઠા કલેકટર સહિતના સત્તાધીશો, અન્ય ૫૦ જણાંને હાઇકોર્ટે નોટિસો જારી કરી : સકંજો મજબૂત

અમદાવાદ,તા. ૨૮

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના સેડાળા ગામે ગૌચરની, સરકારી અને તળાવની જમીનમાં માથાભારે અને સ્થાનિક તત્વો દ્વારા મોટાપાયે ગેરકાયદે અને અનઅધિકૃત દબાણો કરી દેવામાં આવતાં ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ અરજી દાખલ થઈ છે. જેની સુનાવણીમાં એકટીંગ ચીફ જસ્ટિસ અનંત એસ.દવે અને જસ્ટિસ બીરેન વૈષ્ણવની ખંડપીઠે રાજય સરકાર, મહેસૂલ સચિવ, બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી, બનાસકાંઠા જિલ્લા કલેકટર, સેડાળા ગામના સરપંચ અને અન્ય ૫૦ જેટલા શખ્સો વિરૂધ્ધ નોટિસ જારી કરી છે. ખુદ ગામના જ એક અભણ ખેડૂત દ્વારા ગામની ગૌચરની, સરકારી અને તળાવની મહામૂલી જમીન બચાવવા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ગુહાર લગાવી છે, જેમાં કેટલીક ચોંકાવનારી અને આંકડાકીય માહિતી પણ રજૂ કરવામાં આવી છે. હાઈકોર્ટે કેસની હકીકતો ધ્યાનમાં લીધા બાદ સરકાર સહિતના સત્તાવાળાઓ સામે નોટિસ જારી કરી પ્રતિવાદી પક્ષકારો પાસેથી જવાબ માંગ્યો હતો અને કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં મુકરર કરી હતી. અરજદાર નશાજી ભુરાભાઈ રાજપૂત નામના ખેડૂત તરફથી કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં એડવોકેટ ધારિત્રી પંચોલીએ મહત્વની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, સને ૨૦૧૧ની વસ્તીગણતરીના આંકડા પ્રમાણે, સેડાળા ગામનું કુલ પોપ્યુલેશન(વસ્તી) ૨૪૪૧ છે અને ગામમાં કુલ ૪૦૨ ઘરો છે. ગામમાં મહિલાઓની કુલ વસ્તી ૪૯.૧ ટકા છે જયારે ગામમાં અસાક્ષરતાનો દર ૪૬.૪ ટકા છે, જેમાં મહિલા સાક્ષરતાનો દર માત્ર ૧૬.૬ ટકા છે. સેડાળા ગામની દક્ષિણ બાજુએ પીપરળ ગામે જતાં રસ્તાની આજુબાજુમાં કેટલાક લોકોની જમીન આવેલી છે પરંતુ આ શખ્સો દ્વારા આ જાહેરરસ્તાની ઉપર જ ગેરકાયદે દબાણો કરી દેવાયા છે, જેના કારણે આખો રોડ સાંકડો અને હાલાકીભર્યો બની ગયો છે. સામાન્ય પબ્લીકને પણ આ રોડ પરથી ટ્રાફિકમાં ભારે અડચણ નડી રહી છે. આ જ પ્રકારે સેડાળાથી નજીક આવેલું નેનોલ ગામ જવાના રસ્તા પર પણ અન્ય કેટલાક આવા જ શખ્સોએ જાહેર રોડ પર જ આ પ્રકારે ગેરકાયદે દબાણો કરી દેવાયા છે. જેના લીધે મુખ્ય રોડ સાંકડો થઈ ગયો છે અને પબ્લીક મુખ્ય માર્ગનો ઉપયોગ કરી શકવામાં હાલાકી ભોગવી રહી છે. સેડાળાથી તરૂઆ ગામ અને ઉધરાણા ગામે જવાના રોડ પર પણ કંઈક આવી જ સ્થિતિ છે અને આ રોડ પર પણ કેટલાક લોકોએ ગેરકાયદે દબાણો કરી લોકોની હાલાકી વધારી દીધી છે.

વડગામના સરપંચના પિતા પ્રતાપસિંહ કાળુજી સોલંકીનું દુઃખદ અવસાન

વડગામના સરપંચ અને

તાલુકા સરપંચ એસોસિયેશનના પ્રમુખ ભગવાનસિંહ સોલંકીના પિતા પ્રતાપસિંહ કાળુજી સોલંકીનું દુઃખદ અવસાન થવા પામ્યું છે. પ્રભુ તેમની આત્માને શાંતિ આપે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

વિસાવદરમાં તુવેર ભેળસેળના કૌભાંડથી જોરદાર ખળભળાટ

વિસાવદર યાર્ડની તુવેરની કુલ ૨૪ હજાર બોરીની તપાસ કરાશે : હર્ષદ રિબડિયાએ ખેડૂતો માટે ભારે લડત આપી

કેશોદના તુવેર કૌભાંડ બાદ હવે વિસાવદર ખાતે પણ તુવેરમાં ભેળસેળનું કૌભાંડ સામે આવતાં ભારે રાજયભરમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રિબડિયાએ સમગ્ર કૌભાંડના પર્દાફાશ માટે ખેડૂતોને સાથે રાખી ભારે જહેમત ઉઠાવી હતી અને સતત દોડતા રહ્યા હતા. રિબડિયાએ મીડિયાને સાથે રાખીને તુવેરમાં ભેળસેળની વાતનો પર્દાફાશ કરતાં સરકારી તંત્ર દોડતુ થઈ ગયું હતું. આખરે સત્તાવાળાઓ દ્વારા રિબડિયાની હાજરીમાં જ તુવેરના સેમ્પલની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ગ્રેડરો દ્વારા તુવેરના ૨૦૦થી વધુ સેમ્પલ લેવાયા હતા અને હવે સમગ્ર મામલે તપાસ કરી રિપોર્ટ સરકારમાં રજૂ કરવામાં આવશે. વિસાવદરમાં તુવેરની ૨૪ હજાર બોરીઓની તપાસ કરવી પડે તેવી સ્થિતિ બની છે. જૂનાગઢનાવિસાવદરના કોંગ્રેસી ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ વિસાવદર યાર્ડમાં ખરીદાયેલી તુવેરમાં પણ ભેળસેળ થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. આ ઘટના બાદ આજે સરકારી તંત્ર અને અધિકારીઓ દોડતા થયા હતા. સરકારના સત્તાવાળાઓ દ્વારા તુવેરની તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ તપાસ કરતા તુવેરનો નબળો જથ્થો મળી આવ્યો હતો. અમુક તુવેરનાં કટ્ટામાં હલકી તુવેર અને ફોફા જેવી તુવેર જોવા મળી હતી. જેથી રીબડીયાએ કહ્યું કે કેશોદ જેવું જ કૌભાંડ વિસાવદરમાંથી બહાર આવશે. તેમણે એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ૧૬ હજાર જેટલી હલકી ગુણવત્તાવાળી તુવેરની બોરીઓ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો એટલે બારોબાર સગેવગે કરી દેવાઈ છે. રિબડિયાએ સમગ્ર મામલે એકદમ ઝીણવટભરી તપાસ કરવાની માંગ કરી હતી અને આવા કૌભાંડીઓને કુદરત પણ માફ નહી કરે તેવો આક્રોશ ઠાલવ્યો હતો. બીજીબાજુ, તુવેરની તપાસ કરવા માટે ગ્રેડરોની જરૂર પડતી હોઈ વિસાવદરમાં આજે ગ્રેડરો મોડે સુધી ન આવતા તુવેરની તપાસ ટલ્લે ચડી હતી. જો કે બાદમાં ગ્રેડર આવ્યા બાદ ટેગ વગરની તુવેર તપાસવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, યાર્ડમાં રહેલી તુવરમાંથી કેટલીક બોરીઓમાંથી રજિસ્ટ્રેશન નંબર વગરની કેટલીક બોરીઓમાંથી હલકી ગુણવત્તાનો માલ મળી આવ્યો હતો. નિગત તપાસ કરે તે પહેલા હર્ષદ રીબડીયાએ મીડિયાને સાથે રાખી ચેકીંગ કર્યું હતું. જેમાં માત્ર ૧૦ ટકા જ તુવરે સારી ગુણવત્તાની જોવા મળી હતી.

ચતરા જિલ્લા પ્રશાસને આકર્ષક ઓફર ખૂલ્લી મૂકી

વોટ કરો અને વિમાનમાં ગોવા જાઓ, બે દિવસ ત્રણ રાત્રિનું પેકેજ

લોટરી દ્વારા બે ભાગ્યશાળી મતદાતાઓની પસંદગી કરાશે,પેકેજ સાથે ગોવામાં હરવા-ફરવાનો ખર્ચ પણ પ્રશાસન ઉઠાવશે

રાંચી,તા.૨૮

લોકસભા ચૂંટણીમાં મતદાન અવશ્ય કરજો નહી તો ગોવા ટૂરથી વંચિત રહેશો. આ વખતની ચૂંટણીમાં મતદાન વધારવા માટે ચતરા જિલ્લા પ્રશાસને આ આકર્ષક ઓફર ખુલ્લી મૂકી છે. ચતરો જિલ્લો ઝારખંડનો મહત્વનો જિલ્લો છે, તથા તેની આ જાહેરાત પછી ભારતનો પહેલો જિલ્લો બની ગયો છે જેમાં મતદાતાઓને આકર્ષક કરવા માટે ગોવા ટૂરનો પ્લાન બનાવવામાં આવ્યો છે. ખાસ વાત એ છ કે, આ ટૂરમાં ટ્રાવેલિંગ વિમાનમાં થશે.

ગોવા ટૂરની જાણકારી આપતા જિલ્લા ચૂંટણી અધિકારી જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, જિલ્લામાં મહત્તમ મતદાન કરાવવાના હેતુસર પ્રશાસને મતદાતાઓ માટે ગોવા ટૂરની ઓફર બહાર પાડી છે. માહિતી મુજબ મતદાન કરનાર લોકોમાંથી બે મતદારોની પસંદગી લોટરી દ્વારા કરવામાં આવશે. લોટરીની વિધિ ૨૯ એપ્રિલે મતદાન સંપૂર્ણ થયા પછી મેના પહેલા અઠવાડિયામાં યોજાશે અને ગોવા ટૂરની તારીખ એ પછી નક્કી થશે.

ગોવા ટૂરની ઓફર હેઠળ લોટરીમાં પસંદ કરાયેલ બે મતદાતાઓને અવર-જવર માટે એર ટિકિટ અપાશે, તેમજ ગોવાની હોટલમાં બે દિવસ અને ત્રણ રાત્રિનું પેકેજ મળશે. આ સિવાય ગોવામાં હરવા-ફરવા માટેનો સંપૂર્ણ ખર્ચ જિલ્લા પ્રશાસન દ્વારા ઉઠાવવામાં આવશે.

ગોવા ટૂરની જાહેરાત કરતા અધિકારીએ જિલ્લાની જનતાને પોત-પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

ગુજરાતની મહિલાઓમાં મોં અને ગળાનાં કેન્સરનાં કેસોમાં ૮ ટકા કેસ થાઈરોઈડ કેન્સરના

અમદાવાદ, ૨૮

અમદાવાદમાં કેન્સરના ઈલાજ માટે શ્રેષ્ઠ કેન્દ્ર ગણાતાં અપોલો સીબીસીસી કેન્સર કેરએ આજે શહેરની હોટેલ રેનેસામાં થાઈરોઈડ કેન્સર કોન્ફરન્સની શરૂઆત કરી હતી. આ કોન્ફરન્સ ૨૭ અને ૨૮ એપ્રિલ, ૨૦૧૯ એમ બે દિવસ ચાલી હતી. તેમાં દેશભરનાં પ્રસિદ્ધ ડૉક્ટર સામેલ થયા હતાં, જેઓ થાઈરોઈડ કેન્સરનાં વધતાં કિસ્સાઓ તથા એનાં નિદાન અને તેની સારવારમાં વિવિધ અત્યાધુનિક ટેકનિક વિશે ચર્ચાવિચારણા થઈ હતી.

ભારતમાં દર વર્ષે કેન્સરનાં આશરે નવા ૧૨ લાખ કેસ ઊભા થાય છે, જેમાં લગભગ ૫૦ ટકા પુરુષો અને ૧૫ ટકા મહિલાઓ હેડ એન્ડ નેક કેન્સર (મેં અને ગળા)નો ભોગ બને છે. મોં અને ગળાનાં કેન્સરમાં ચોથું સૌથી વધુ સામાન્ય કેન્સર થાઈરોઈડ કેન્સર છે. ગુજરાતની મહિલાઓમાં જોવા મળતાં મોં અને ગળાનાં કેન્સરનાં ૮ ટકા કેસ થાઈરોઈડ કેન્સર સાથે સંબંધિત છે. પુરુષોની સરખામણીમાં મહિલાઓમાં આ કેન્સરનું પ્રમાણ બેથી ત્રણ ગણું વધારે જોવા મળે છે. યુવાન મહિલાઓમાં થાઈરોઈડ કેન્સરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

જોકે, થાઈરોઈડ કેન્સરનાં દર્દીઓમાં વધારો થવા છતાં એની સાથે સંબંધિત મૃત્યુદર યથાવત્ જળવાઈ રહ્યો છે. આ માટે નિયમિત ચકાસણી દરમિયાન જાગૃતિમાં વધારો અને વહેલાસર નિદાન જવાબદાર છે.

એપોલો સીબીસીસી કેન્સર કેર દ્વારા આયોજિત આ બે દિવસીય કોન્ફરન્સનો ઉદ્દેશ થાઈરોઈડનાં કેન્સરનાં વહેલાસર નિદાનથી થતાં લાભ વિશે જાગૃતિ લાવવાનો, મોલીક્યુલર પરીક્ષણો દ્વારા એની સાથે સંબંધિત વધારે જોખમને ઓળખવાનો તથા સાધારણ જનતામાં આ બિમારી સાથે સંબંધિત શંકાકુશંકાઓ દૂર કરવાનો હતો.

મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીટો ઉપર મતદાન યોજાશે જેમાં શાહજહાંપુર, ખેરી, હરદોઈ, ઉન્નાવ, ફરુકાબાદ, ઈટાવા, કન્નોજ, કાનપુર, અકબરપુર, જાલોન, ઝાંસી અને હમીરપુરનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં ૧૭ સીટો ઉપર મતદાન થશે જેમાં મુંબઈની સીટો પણ સામેલ છે. મુંબઈ નોર્થ, મુંબઈ નોર્થ-વેસ્ટ, મુંબઈ નોર્થ-ઈસ્ટ, મુંબઈ નોર્થ સેન્ટ્રલ, મુંબઈ સાઉથ સેન્ટ્રલ, મુંબઈ સાઉથની સીટ ઉપર પણ મતદાન થશે. ભારતીય જનતા પાર્ટી અને શિવસેનાની પ્રતિષ્ઠા પણ આમા દાવ પર લાગેલી છે. ચોથા તબક્કામાં મતદાનમાં રહેલા તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે મોટી સંખ્યામાં મતદારો મેદાનમાં છે. ચોથા તબક્કામાં ૩૦૬ કરોડપતિ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. ચૂંટણી મેદાનમાં ૯૪૩ ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરવા મતદારો ઉત્સુક બનેલા છે. સામાન્ય ચૂંટણીના ચોથા તબક્કામાં મેદાનમાં રહેલા કરોડપતિ ઉમેદવાર પૈકી મહારાષ્ટ્રના ઉમેદવાર સૌથી વધારે છે. એકલા મહારાષ્ટ્રમાં ૧૦૯ કરોડપતિ ઉમેદવારો છે. આવતીકાલે ચોથા તબક્કામાં મતદાન વેળા મુંબઈની છ સીટ સહિત ૧૭ બેઠકો ઉપર મતદાન થશે. ચોથા તબક્કામાં જે દિગ્ગજોના ભાવિનો ફેંસલો થનાર છે તેમાં કેન્દ્રીયમંત્રી ગીરીરાજસિંહ, એએનયુના પૂર્વ લીડર કન્હૈયાકુમાર, પૂર્વીય કેન્દ્રયમંત્રી મિલિંદ મુરલી દેવરા, ડિમ્પલ યાદવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મુનમુન સેન, સલમાન ખુરશીદ, બાબુલ સુપ્રીયો, પ્રિયા દત્ત, ઉપેન્દ્ર કુશવાહના ભાવિનો ફેંસલો થનાર છે. ચોથા તબક્કાની ચૂંટણી માટેની તમામ તૈયારી પંચ દ્વારા કરી લેવામાં આવી છે.

ચોથા તબક્કાની ચૂંટણી માટે ચૂંટણી પહેલા પ્રચારમાં ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાજનાથ સિંહ, તેમજ કેન્દ્રિય પ્રધાનોએ જવાબદારી સંભાળી હતી. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીએ તમામ તાકાત લગાવી દીધી હતી.ચોથા તબક્કાની ચૂંટણી પણ રોચક રહેશે. લોકસભા ચૂંટણીમાં સોમવારે મતદાનની સાથે જ ૩૭૩ સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. ત્યારબાદ બાકીની ૧૬૯ સીટ પર ધ્યાન કેન્દ્રિત થઈ જશે.

ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્નાનઘરની સુવિધાનું પ્રમાણ નહિવત છે અને જો એ છે તો તેનો વપરાશ પણ ઓછો છે.

ગત મહાનગરપાલિકાની ચૂંટણી અગાઉ સેક્ટરના બગીચાઓમાં જાહેર શૌચાલય બનાવાયા હતા. નગરમાં પહેલવહેલી વાર આટલી સંખ્યા અને મોટી વસ્તીને સુવિધા મળી રહે એવી જાહેર શૌચાલય વ્યવસ્થા શરૂ થઈ હતી. આ અગાઉ જો ગાંધીનગર શહેરની વાત કરીએ તો ઝાડી-ઝાંખરાવાળા આ નગરમાં જાહેર શૌચાલય સરકારી કચેરીઓ સિવાય શોધ્યું જડે એમ નહોતું. શોપિંગ સેન્ટરો તો ગાંધીનગરની સ્થાપના વખતથી જ બનાવ્યા હતા પણ જાહેર શૌચાલયનો વિચાર જ નહોતો થયો. ભલે મોડે મોડે પણ નગરમાં જાહેર શૌચાલય બનાવાયા છે તેવી જ રીતે હવે ગાંધીનગરમાં જાહેર સ્નાનઘર બનાવવાનું પણ જરૂરી લાગે છે. ગાંધીનગરની વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ ઘણા વધુ કહી શકાય એટલા સ્નાનાગાર (સ્વિમિંગપૂલ) તો છે જ, ગાંધીનગરની વસ્તીની સંરચના જોતા જાહેર સ્નાનઘર નગરની જરૂરિયાત છે એ સમજણ વિકસવી જરૂરી છે. આવતા અંકે વધુ વિગતો ચર્ચીશું સ્નાનઘર અને જાહેર સુવિધા સુખાકારીની.

નારાજગી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૯મીનો ચોથો તબક્કો પૂર્ણ થયા બાદ ચૂંટણીપંચને આ અંગે રજુઆત કરવા માટે પણ કેટલાક રાજકીય કાર્યકરો વિચારણા કરી રહ્યા છે. બે માસથી આચારસંહિતા અમલી હોવાથી વિકાસ કામો અટવાઈ ગયા છે. આજે લોકોને રોજગારીની જરૂરિયાત છે ત્યારે તંત્રએ સકારાત્મક રીતે વિચારણા કરવી જોઈએ તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

પેપર ચેકિંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કારણે ઘણા શિક્ષકોને મહેનતાણાં સામે બોર્ડનો દંડ વધી જાય છે. જ્યારે કે બોર્ડની પરીક્ષામાં ખાનગી સ્કૂલોના વિદ્યાર્થીઓની સંખ્યા જ વધારે છે. શિક્ષકોના મતે, ખાનગી સ્કૂલોના શિક્ષકો ક્લાસીસ સાથે જોડાયેલ હોવાથી તેમને સવારે ૧૦થી પનો સમય સેટ થતો નથી. શિક્ષકોએ પેપર ચેક કરવા જતા પહેલા સ્કૂલમાં પણ લેક્ચર લેવા પડે છે. સરકારી શિક્ષકોને રજાનો લાભ મળે છે જ્યારે ખાનગી સ્કૂલો તે સરભર કરી આપતા નથી. સૌથી મોટી મુશ્કેલી એ છે કે, ઘણી સ્કૂલોમાં શિક્ષકો જ ક્વોલીફાય નથી, તેથી સ્કૂલો તેઓને પેપર ચેક કરવા મોકલે તો ભાંડો ફૂટી જાય. બોર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર, પેપર ચેકિંગ માટે નહીં આવતાં શિક્ષકો